Tax Ombudsman

# અમારો સંપર્ક કેવી રીતે કરવો

**taxombudsman.gov.au**

**૧૩૦૦ ૪૪ ૮૮ ૨૯** (સ્થાનિક કૉલનો ખર્ચ)

**enquiries@taxombudsman.gov.au**

**GPO Box 551, Sydney NSW 2001**

**નિ:શુલ્ક** અનુવાદ અને દુભાષિયા સેવાઓ માટે, **૧૩૧ ૪૫૦** પર ફોન કરો અને **૧૩૦૦ ૪૪ ૮૮ ૨૯** નંબર આપો.

જો તમે બધિર છો, તમને ઓછું સંભળાય છે, અથવા વાણી અથવા સંદેશાવ્યવહારમાં મુશ્કેલી હોય તો, કૃપા કરીને સહાય માટે **accesshub.gov.au** ની મુલાકાત લો.



# કરવેરા ફરિયાદ?

અમે ઓસ્ટ્રેલિયાની કરવેરા અને સુપરએન્યુએશન સિસ્ટમ્સને વાજબી બનાવવામાં સહાય કરીએ છીએ.

અમે ઓસ્ટ્રેલિયાના કરવેરા કાર્યાલય (એટીઓ) અને ટેક્સ પ્રેક્ટિશનર્સ બોર્ડ (ટીપીબી) વિશેની ફરિયાદો પર કામ કરીએ છીએ અને તેમને ઉકેલવામાં મદદ કરીએ છીએ.

Gujarati | ગુજરાતી

Tax Ombudsman



## ફરિયાદ કેવી રીતે કરવી

અમે તમને મદદ કરી શકીએ તે માટે તમે પહેલેથી જ એટીઓ અથવા ટીપીબીને ફરિયાદ કરી હોવી આવશ્યક છે.

ફરિયાદ કરવા માટે, **taxombudsman.gov.au** ની મુલાકાત લો અને "**ફરિયાદ દાખલ કરો**" પસંદ કરો.

તપાસ અધિકારી તમારી ફરિયાદની પુષ્ટિ કરવા માટે ૨ કામકાજનાં દિવસની અંદર તમારો સંપર્ક કરશે અને તે આગલા પગલાંઓ વિશે તમારી સાથે વાત કરશે.

## અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ

જો તમને લાગતું હોય કે એટીઓ અથવા ટીપીબીએ તમારી સાથે અન્યાયી અથવા ગેરવાજબી વ્યવહાર કર્યો છે તો તમે અમારો સંપર્ક કરી શકો છો. અમે નીચે મૂજબની ફરિયાદોમાં મદદ કરી શકીએ છીએ:

- કરવેરા પાછા વાળવામાં અથવા ચુકવણીમાં વિલંબ
- નબળી સેવા અથવા અન્યાયી વ્યવહાર
- કરવેરાનું કરજ અથવા કરજની ઉઘરાણી
- ચુકવણી યોજનાઓ અથવા વ્યાજનો દર
- નાણાંકીય મુશ્કેલીમાં વ્યવસ્થા
- ગુમ થયેલ સુપરએન્યુએશન ગેરંટી ચૂકવણી
- કંપની કરવેરા કરજ અથવા ડિરેક્ટર પેનલ્ટી નોટિસ.

અમારી સેવા મફત અને સ્વતંત્ર છે.

જો તમને ખાતરી ન હોય કે અમે મદદ કરી શકીએ કે નહીં, તો કૃપા કરીને અમારો સંપર્ક કરો.

જો તમારો મુદ્દો અમારી ભૂમિકાની બહાર છે, તો અમે તમને મદદ માટે યોગ્ય સંસ્થા તરફ દોરવાનો પ્રયાસ કરીશું.

અમે તમારાં કરવેરાની આકારણીમાં અથવા તમારે કરવેરાનું કરજ કેટલું છે તે અંગે સલાહ આપી શકીએ તેમ નથી.